ક્રમાંકઃ PRHRDD/OTH/e-file/14/2024/0314/ KH2

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય,ગાંધીનગર

તારીખઃ-

પ્રતિ,

સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા સચિવાલય,

ગાંધીનગર.

વિષયઃ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૧૨૮ તબદીલ કરવા બાબત

સભ્યશ્રીનું નામ: શ્રી જીજ્ઞેશ મેવાણી(વડગામ)

શિર્ષકઃ બનાસકાંઠા અને ખેડા જિલ્લામાં આવેલ કાચા આવાસો

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેના ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગરના તા.૨૦-૦૧-૨૦૨૪ના પત્રના સંદર્ભમાં જણાવવાનું કે, વિધાનસભાના તા. ૦૬-૦૨-૨૦૨૪ના વારા માટે દાખલ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૧૨૮ ની તબદીલી સ્વીકારવા માટે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને વિનંતી કરતા આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૨૪-૦૧-૨૦૨૪ની નોંધથી તબદીલી સ્વીકારવા અનુમતિ આપેલ છે. આથી માન. સભ્યશ્રી જીજ્ઞેશ મેવાણી(વડગામ) દ્વારા પુછાયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૧૨૮ ગ્રામ ગૃહ નિર્માણ વિભાગને તબદીલ કરવામાં આવે છે અને તે વિભાગે તબદીલી સ્વીકારેલ છે તથા પ્રશ્નની અસલ નકલ તે વિભાગને મોકલવામાં આવેલ છે. આથી, હવે પ્રસ્તુત પ્રશ્નનો જવાબ ગૃહમાં માન. ગ્રામ વિકાસ મંત્રીશ્રીને બદલે માન. ગૃહ નિર્માણ મંત્રીશ્રી આપશે, જે આપને વિદિત થવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(આર.એ.વાઘેલા)

નાયબ સચિવ(ગ્રામ વિકાસ)

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

નકલ રવાના:

- નાયબ સચિવશ્રી(ગ્રામ ગૃહ નિર્માણ), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, બ્લોક-૮, ત્રીજો માળ, સચિવાલય, ગાંધીનગર તરફ ઘટતી કાર્યવાહી સારૂ.